# ૪ ઓગષ્ટ –૨૦૧૬ (ગુરૂવાર)

**(૧) 'GST' એક દેશ એક ટેક્ષ :–**

- આઝાદી પછીનો દેશનો સૌથી મોટો ટેક્સ સુધારો
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહાત્વકાંક્ષી GST બીલને રજ્યસભામાં સર્વસંમતીથી પસાર કરવામાં આવ્યું.
- બિલના સમર્થનમાં ૧૯૭ મત પડ્યા હતા.
- આ ૧૨૨ મો બંધારણીય સુધારો હતો.
- હવે અનેક આડકતરા વેરાઓની ઝંઝટમાંથી મુક્તિ મળશે.

GST એટલે શું ?

- GST એટલે કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ
- તે એક એવો ટેક્સ કે જે રાષ્ટ્રીય સ્તરે કોઇપણ માલસામાન, સેવાના મેન્યુફેક્ચરીંગ, વેચાણ અને ઉપયોગ પર લાગુ કરવામાં આવે છે.
- આખા દેશમાં તેનો એક સમાન દર લાગુ થશે

GST એટલે શું ?

- એક દેશ એક સમાન કર માળખુ
- કર વસુલાત તેમજ કર ભરવામાં સરળતા
- GST માં અંદાજીત ૨ ટકાનો વધારો થશે.
- ના લીધે ભ્રષ્ટાચારમાં ઘટાડો થશે.
- નિકાસમાં ૩.૨ થી ૬.૩ ટકા સુધીનો વધારે થઇ શકશે.
- તેમજ આયાતમાં ૨.૪ થી ૪.૭ ટકા સુધીનો વધારો થઇ શકે છે.
- રાજ્યસભામાં પસાર થયા બાદ આગળ શું ?
- રાષ્ટ્રપતિની મંજૂરી : રાજ્યસભામાં ખરડો પસાર થવા પછી તેનો રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવશે.
- લોકસભા : લોકસભામાં પણ સુધારાખરડાને પસાર કરાવવા બે તૃતિયાંશ બહુમતીથી આવશ્યકતા રહેશે.
- રાજ્ય :
  – રાષ્ટ્રપતિ તમામ રાજ્યોની વિધાનસભાને મોકલશે.
  – વિધાનસભાઓમાં ખરડો પસાર થયા પછી ખરડો દેશભરમાં અમલી બનાવી શકશે.
  – ૫૦ ટકા રાજ્યોની સહમતી પછી ખરડો ફરીથી રાષ્ટ્રપતિ સમક્ષ આવશે.
  – રાષ્ટ્રપતિ મંજૂરી પછી રાજ્યપત્રમાં તે જાહેર થશે.
  – ત્યારબાદ બંધારણમાં સૂધારો કરીને ખરડાની મૂળ નકલને ફરી સંસદમાં રજૂ કરવામાં આવશે.
- સરકાર ૧ એપ્રિલ, ૨૦૧૭ થી જીએસટીનો અમલ કરે તેવી શકતા છે જેમાં અંદાજીત ૧૮% ટેક્સ ટેક્ષ હશે.
- કેવું હશે દેશમાં ટેક્સનું માળખું :
  – હાલ રાજ્યો અને કેન્દ્ર સરકારોના મળી આશરે ૨૦ જેટલા જુદા જુદા ટેક્સ અમલમાં છે.
  – જીએટી લાગુ થયા બાદ આ ઇનડાયરેક્ટ ટેક્સ રદ થશે અને ત્રણ પ્રકારના ટેક્સ લાગુ રહેશે જે નીચે મુજબ છે.
  (૧) સેન્ટ્રલ જીએસટી જે કેન્દ્ર સરકાર વસૂલ કરશે.

(૨) સ્ટેટ જીએસટી જે રાજ્ય સરકાર વસુલ કરશે.

(૩) ઇન્ટિગ્રેટેડ જીએસટી જે કેન્દ્ર અને રાજ્ય બંને વસુલાશે

- જીએસટી લાગુ થયા બાદ એક્સાઇઝ ટેક્સ, સર્વિસ, ટેક્સ વેટ, સેલ્સ ટેક્સ, મનોરંજન ટેક્સ અને લક્ઝરી ટેક્સ વગેરે રદ થઇ જશે.
- ઇતિહાસ :
- વર્ષ ૨૦૦૦ માં વાજપેયી સરકાર GST નો પાયો
- વર્ષ ૨૦૦૪માં કેલકર સમિતિથી ભલામણ
- ૨૦૦૬માં નાણાંમત્રી પી. ચિદમ્બરમે પ્રસ્તાવ રજૂ કર્યો.
- ૨૦૧૦ માં નાણામંત્રી પ્રણવ મુખર્જીએ પણ જીએસટીને એપ્રિલ ૨૦૧૧માં અમલ કરવાની જાહેરાત કરી.
- ૨૦૧૬માં નાણાંમત્રી અરૂણ જેટલીના પ્રસ્તાવ બાદ રાજ્યસભામાં બિલ પસાર થયું.

**(૨) પુષ્પકમલ દહલ :**

- પુષ્પકમલ દહલ નેપાળના વડાપ્રધાનપદે ચુંટાયા.
- પ્રચંડના નામે ઓળખાતા પુષ્પકમલ દહલ બીજી વખત નેપાળના વડાપ્રધાન બન્યા.
- અગાઉ તેઓ ૨૦૦૮–૦૯માં વડાપ્રધાન હતા.
- કે.પી. ઓલી શર્માએ ગયા મહિને રાજીનામું આપ્યું હતું. ત્યારથી વડાપ્રધાનપદ ખાલી હતું.

**(૩) ભારત – ચીન સરહદે બ્રહ્મોસ મિસાઇલ તૈનાત કરશે :**

- ચીન સાથે જોડાયેલી સરહદ પાસે ભારતની ક્ષમતા વધારવા હેતુથી ભારત સરકારે પૂર્વ સેક્ટરમાં બ્રહ્મોસ મિસાઇલને તૈનાત કરવાની મંજુરી આપી દીધી.
- આ મિસાઇલની ક્ષમતા ૨૯૦ કિ.મી. છે.
- ૪૩૦૦ કરોડ રૂપિયાનું ખર્ચ ધરાવતી આ ચોથી બ્રહ્મોસ રેજિમેન્ટ છે.
- આ રેજિમેન્ટમાં ૧૦૦ મિસાઇલો, પાંચ મોબાઇલ સ્વસંચાલિત લોન્ચર અને હેવી ડ્યુટી ટ્રક હશે.
- જમીન પરથી હુમલો કરવાની ક્ષમતા ધરાવતી બ્રહ્મોસ મિસાઇલ ૨૦૦૭ થી ભારતીય સેનામાં કાર્યરત છે.
- આ મિસાઇલને સેનાની ત્રણેય પાંખોમાં સામેલ કરવામાં આવી છે.

પ્રશ્નો :

(૧) GST નું પુરૂનામ જણવો.

- ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ

(૨) કયાં બંધારણીય સુધારા દ્વારા GST બીલ પસાર થયું ?

- ૧૨૨ મો

(૩) GST ના લાગુ થવાથી GDP માં અંદાજીત કેટલો વધારો થશે ?

– ૨%

(૪) GST માં અંદાજીત કેટલો ટેક્સ હશે ?

– ૧૮%

(૫) જીએસટી લાગુ થયા બાદ કેટલા પ્રકારના ટેક્સ લાગુ રહેશે ? ક્યાં ક્યાં ?

– ત્રણ

(૧) સેંટ્રલ જીએસટી

(૨) સ્ટેટ જીએસટી

(૩) ઇન્ટિગ્રેટેડ જીએસટી

(૬) સૌપ્રથમ વખત GST નો પાયો કોણે નાખ્યો હતો ?

– વાજપાયી સરકાર, ૨૦૦૦

(૭) ક્યાં નાણાંમંત્રીના સમયમાં GST બીલ પસાર થયું ?

– અરૂણ જેટલી

(૮) કેટલા ટકા વિધાનસભામાં જીએસટી ખરડો ફરજીયાત પસાર થયા બાદ જ સમગ્ર દેશમાં અમલી થઇ શકશે ?

– ૫૦ ટકા

(૯) નેપાળના નવા વડાપ્રધાનનું નામ જણાવો.

– પુષ્પકમલ દહલ

(૧૦)ભારતીય પૂર્વ ભાગમાં ભારત–ચીન સરહદે કઇ મિસાઇલ નૈતાન કરાશે ?

– બ્રહ્મોસ

(૧૧)બ્રહ્મોસ મિસાઇલની મારકક્ષમતા જણાવો.

– ૨૯૦ કિ.મી.

(૧૨) બ્રહ્મોસ મિસાઈલ ભારતીય સેનામાં ક્યારથી કાર્યરત છે ?

– ૨૦૦૭

(૧૩)ભારત – ચીન સરહદે તૈનાત કરવામાં આવશે તે કેટલામી બ્રહ્મોસ રેજીમેન્ટ હશે ?

– ચોથી

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧